પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૫૧, કુલ પાના:૪, તારીખ: ૨૦-૧૦-૨૦૨૦ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 51 PRICE :-RS. 1.50 DATE : 20-10-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આર્થીક ગોલમાલ કરનારી સંસ્થાઓ સરકારના સકંજામાં

## સમાજ કલ્યાણના નામે સરકારી ગ્રાન્ટ મેળવી રહેલી ૧૩૦ NGOને બ્લેકલિસ્ટ કરશે કેન્દ્ર

### આ સંસ્થાઓ પાસે કોઈ રેકોર્ડ, હિસાબ નથી કે ગ્રાન્ટનો ઉપયોગ ક્યાં કર્યો છે

ન્યુ દિલ્હી,

સમાજ કલ્યાણના નામે સરકારી ગ્રાન્ટ મેળવી રહેલી ૧૩૦ એનજીઓ સામે કેન્દ્ર કાર્યવાહી કરવાની તૈયારી કરી રહી છે. સામાજીક ન્યાય વિભાગે દેશવ્યાપી ૧૩૦ એવી એનજીઓ શોધી લીધી છે, સમાજ કલ્યાણ માટે ગાઈડલાઈન્સની કોઈ પરવાહ નથી કરતી. આ એનજીઓએ તેના મોટાભાગના રેકોર્ડ સાચવ્યા નથી, તો કેટલીક એનજીઓ હિસાબ બતાવી નથી શકતી કે સરકારી ગ્રાન્ટ ક્યાં વાપરી છે.

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ ડિફેન્સ-NISDના નેતૃત્વમાં આવી એનજીઓને શોધવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. એક મીડિયા રિપોર્ટ મુજબ ૭૦૦ એનજીઓના સરવે બાદ ૧૩૦ એવી એનજીઓ મળી આવી જેના વ્યવહારો ચોખ્ખા ન હતા.

મંત્રાલયે આ તમામ NGOને બ્લેકલિસ્ટમાં નાખવાની તૈયારી કરી લીધી છે. આ સિવાય સંબધિત નિયમોને પણ કડક કરી શકવાની સંભાવનાઓ ઉભી થઈ છે. NISD ઈન્સ્પેક્શનમાં IITs, TISS અને દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સામેલ કરાયા હતા. રિપોર્ટ મુજબ આ તમામ એનજીઓને વાર્ષિક ૨૫ લાખની સરકારી ગ્રાન્ટ મળી રહી છે. આ બધામાં ગુજરાતની એક એનજીઓ પણ સામેલ છે જેને ગ્રાન્ટ તો મળી છે પણ અત્યાર સુધી કોઈ કામ નથી બતાવ્યું. દેશવ્યાપી જે ૭૦૦ NGOનું ઈન્સ્પેક્શન કરાયું, એમાં ૩૩૬ ડ્રગ રિહેબિલિટેશન સાથે જોડાયેલ છે. ૨૫૩ સંસ્થાઓ વૃદ્ધ નાગરિકો માટે કલ્યાણ કાર્ય કરી રહી છે. ૧૦૦થી વધારે પછાત જાતિઓના કલ્યાણ માટે કાર્યરત છે. આ સિવાય ગ્રાન્ટ મેળવતી જે એનજીઓ સરકારની નજરમાં આવી ચૂકી છે એમાં સૌથી વધારે ૨૦ મહારાષ્ટ્રમાં છે. કર્ણાટકમાં ૧૩, રાજસ્થાનમાં ૧૧ અને યુપીમાં ૮ એનજીઓ છે.

## રાજ્યનાના ૪૩ તાલુકામાં વરસાદ, સૌથી વધુ ધ્રોલમાં ૪.૩૬ ઈંચ



ગાંધીનગર,

અરબી સમુદ્રમાં સર્જાયેલાં ડિપ્રેશનથી રાજ્યનાં વાતાવરણમાં પલટો આવ્યો છે. ડબલ સિઝનનો અનુભવ થાય છે. જોકે, ડિપ્રેશન હવે ઓમાન તરફ આગળ વધી ગયું છે. પરંતુ, ડિપ્રેશનની અસરથી આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યમાં ગરમી અને બફારાનું પ્રમાણ યથાવત રહેશે. ૨૦ ઓક્ટોબર સુધી અમદાવાદ સહિત રાજ્યમાં કેટલાક સ્થળે હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૪૩ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસાદની વાત કરીએ તો ધ્રોલમાં ૪.૩૬ ઈંચ, ભાવનગરના સિહોરમાં ૩.૯૮ ઈંચ, રાજકોટનાં ગોંડલમાં ૨.૫૨ઈંચ, રાજકોટનાં ધોરાજી અને કોટડાસંઘાણીમાં બે ઈંચથી વધુ વરસાદ, રાજકોટ, જૂનાગઢના વંથલી, કચ્છના રાપર, જોડીયા ભાવનગરનાં ઘોઘા તથા ભાવનગરમાં દોઢ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

નોંધનીય છે કે, બપોર બાદ વીજળીના કડાકા ભડાકા વચ્ચે શરૂ થયેલા વરસાદથી વાતાવરણ ડરામણું બની ગયું હતું. આ દરમિયાન માળીયા મિયાણા મંદરકી ગામે વીજળી પડતા સવિતાબેન હરિભાઈ અગેચણિયા નામની મહિલાનું મોત નિપજ્યું હતું. જ્યારે વાવડી ગામમાં એક મકાનની છત અને રંગપર ગામમાં એક મંદિરમાં વીજળી પડી જાનહાની થઈ ન હતી. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને લઈને ફરી એકવાર રાજ્યના ખેડૂતો ચિંતામાં પેઠા છે. એક બાજુ ગુજરાતમાં ચોમાસું વિદાય લેવાની તૈયારીમાં છે, ત્યારે સૌરાષ્ટ્ર અને દરિયા કિનારા વિસ્તારમાં વરસાદની આગાહીને પગલે જગતનો તાત ચિંતામાં છે.

છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદથી ખેડૂતોના તૈયાર પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી બે દિવસ હજી અમદાવાદ, આણંદ, અરવલ્લી, દાહોદમાં વરસાદની શક્યતા જોવાઈ રહી છે. આ સિવાય ગાંધીનગર, ખેડા, મહિસાગર, પંચમહાલમાં પણ આગાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અરબી સમુદ્રમાં લો-પ્રેશર થવાના કારણે બે દિવસથી રાજ્યના વિવિધ વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. જેના કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પણ પડી રહ્યાં છે. અમદાવાદ શહેરમાં પણ બપોર પછી વરસાદી છાંટા પડ્યા હતા.

## સુરતમાં જમીન સંપાદન કરવામાં આવતા ખેડૂતોમાં રોષ

સુરત,

સુરત જિલ્લાના કામરેજ પાસે આવેલા કોસમાડા ગામે જમીન સંપાદન કરવામાં આવતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો. રેલવેના તંત્ર દ્વારા ખેડૂતના ઉભા પાક પર બુલ્ડોઝર ફેરવી દેવામાં આવ્યુ હતું. જેથી ખેડૂતના આંખમાં આસુ આવી ગયા હતા. ઉલ્લેખનીય છે કે ખેડૂતોની માંગ છે કે, ગુડ્ઝ ટ્રેન માટે ગામની અન્ય ખાલી જમીનમાં કામગીરી કરવા કરવામાં આવે, તો ગુડ્સ કોરિડોર માટે બળજબરીથી જમીન સંપાદન કરવામાં આવ્યુ છે.

નોંધપાત્ર છે કે રેલવેના અધિકારીએવો દાવો કરતા જોવા મળ્યા કે તે જમીન રેલવેની છે..જોકે હાલ તો રેલવે દ્વારા ક બે નહી પરંતુ ત્રણ ત્રણ બુલડોઝર ફેરવી દેવામાં આવતા ખેડૂતોએ રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે..ખડૂતો રજૂઆત કરતા રહ્યા કે ૧૫ દિવસ બાદ સુગર ફેક્ટરીઓમાં શેરડી લઈ લેવામાં આવશેપપરંતુ તેમ છતાં રેલવે તંત્રએ શેરડીના ઉભા પાક પર બુલડોઝર ફેરવી નાખ્યા.

## એશિયા-પ્રશાંત ક્ષેત્રના ૨૬ દેશોમાં ભારત ચોથો સૌથી શક્તિશાળી દેશ

મેલબર્ન,

એશિયા-પ્રશાંત ક્ષેત્રના ૨૬ દેશોમાં ભારત ચોથો સૌથી શક્તિશાળી દેશ બની ગયો છે. ઓસ્ટ્રેલિયાની થિંક ટેક્ક લોવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પાવર ઈન્ડેક્સનું કહેવું છે કે ભારત ભવિષ્યની વિશાળ શક્તિ છે. જો કે ચીન સુપર પાવર બનવાની હોડમાં અમેરિકાની નજીક પહોંચી ગયું છે.

લોવી ઈસ્ટિટ્યૂટ ઓફ પાવર ઈન્ડેક્સ ૨૦૨૦ મુજબ અમેરિકા હજુ પણ ૮૧.૬ પોઈન્ટ સાથે સુપર પાવર બનેલું છે. પરંતુ ચીન હવે તેનાથી માત્ર ૫ પોઈન્ટ પાછળ રહી ગયું છે. તેના ૭૬.૧ પોઈન્ટ છે. જ્યારે ત્રીજા સ્થાને ૪૧ પાઈન્ટ સાથે જાપાને છે. ભારત જાપાનથી માત્ર થોડાક અંક પાછળ છે. એટલે આપણને ૩૯.૭ પોઈન્ટ મળ્યા છે.

લોવી ઈન્સ્ટિટ્યૂટે એશિયા પાવર ઈન્ડેક્સમાં ભારતને સંરક્ષણ અને આર્થિક મામલે પાછળ બતાવાયા છે.

ઈન્ડેક્સ માપવા માટે આર્થિક સંસાધાન, સૈન્ય તાકાત, ફલેક્સિબ્લિટી (તરલતા), ભવિષ્યનું રુઝાન, રાજકીય પ્રભાવ, આર્થિક સંબંધો. સંરક્ષણ નેટવર્ક અને સાંસ્કૃતિક પ્રભાવ સહિતની ૮ બાબતોનો સવાવેશ થયો હતો.


ઈન્ડેક્સ પશ્ચિમમાં પાકિસ્તાન, ઉત્તરમાં રશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પણ સામેલ છે. રિપોર્ટમાં ભારતને એશિયાની સૌથી ઝડપથી વધી રહેલ અર્થતંત્ર ગણાવાયું છે. ભારત અને જાપાન બંને મોટી શક્તિઓ છે.

જાપાનને સ્માર્ટ તો ભારતને ભવિષ્યની વિશાળ તાકાત ગણાવવામાં આવી છે. જ્યારે અમેરિકાને પહેલેથી પ્રતિષ્ઠિત શક્તિ ગણાવી છે. પરંતુ ચીનને એક ઉભરી રહેલા મહાશક્તિ ગણાવી છે, જે ઝડપથી એમેરિકાની નજીક પહોંચી રહી છે.

અમેરિકાએ રોગચાળામાં નબળા દેખાવ, અનેક વેપારી મતભેદો અને પ્રમુખ ટ્રમ્પ ઘણા સોદાઓ અને એજન્સીઓમાં પાછળ ખસવા પગલાંને કારણે અમેરિકાએ તેની પ્રતિષ્ઠા ગુમાવી છે.

ઈન્ડેક્સ મુજબ વિશ્વની ચાર સૌથી મોટી શક્તિઓમાં ૩ એશિયાની છે. તેમાં પણ ૨૦૨૫ સુધી બે તૃત્યાંશ વસતી એશિયામાં હશે. જ્યારે પશ્ચિમમાં માત્ર ૧૦ ટકા વસતી જ રહી જશે.

## મહારાષ્ટ્રમાં સુરક્ષાદળોને મોટી સફળતા: ૫ નક્સલીઓ ઠાર



ન્યુ દિલ્હી,

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં સુરક્ષા દળોએ મોટી સફળતા મળી છે. અહીં કમાન્ડોની ટીમે ત્રણ મહિલાઓ સહિત પાંચ નક્સલવાદીઓને ઠાર માર્યા છે. અધિકારીઓએ ગઢચિરોલીના ગાઢ જંગલમાં નક્સલવાદીઓએ કમાન્ડો ટીમ પર હુમલો કર્યો, અધિકારીઓએ કહ્યું કે, જેના જવાબમાં સુરક્ષા દળોએ પલટવાર કરતાં ૫ નક્સલીઓને માર્યા ગયા. સવારે ૪ વાગ્યાની આસપાસ નક્સલવાદીઓએ ધનોરા વિસ્તારના કોસામી-કિસ્નેલીના જંગલોમાં સર્ચ ઓપરેશન હાથ ધરેલી પોલીસ પેટ્રોલિંગ ટીમ પર ફાયરિંગ કર્યુંહતું. એક અધિકારીએ જણાવ્યુંહતું કે, એન્ટિ-નક્સલ (માઓવાદી) ઓપરેશન સી -૬૦ કમાન્ડોએ નક્સલીઓ સામે પ્રતિક્રિયા આપી હતી, ત્યારબાદ તેઓ તે વિસ્તારમાંથી ભાગી ગયા હતા. ‘‘

બાદમાં પોલીસે ઝાડમાંથી ત્રણ મહિલા અને બે પુરુષ નક્સલીઓના મૃતદેહો બહાર કાઢ્યા હતા. તેમની ઓળખ કરવામાં આવી રહી છે. ગઢચિરોલીના નવા એસપી અંકિત ગોયલના નેતૃત્વ હેઠળ આ વર્ષે સુરક્ષા દળોનું આ પહેલું મોટું ઓપરેશન હતું. આટલી મોટી એન્કાઉન્ટરમાં સુરક્ષાદળો તરફથી કોઈ જાનહાની થઈ નથી. મહારાષ્ટ્ર પોલીસે તાજેતરના મહિનાઓમાં આ વિસ્તારમાં નક્સલવાદીઓ વિરુદ્ધ એક વિશાળ અભિયાન શરૂ કર્યું છે.

પંચમહાલ સમાચાર
દ્વારા આયોજીત
ગરબા મહોત્સવ
કોરોના કાળમાં ઘરે બેઠા કરો
PMS NEWS સાથે ગરબાની ઉજવણી.
- ગરબાના વિવિધ સ્ટેપ સાથેનો ૨ મિનિટનો વિડીયો મોકલી જીતો વિવિધ ઈનામો.
- ગરબાનો વિડીયો તા.૧૭/૧૦/૨૦૨૦ થી ૨૫/૧૦/૨૦૨૦ માં મોકલવાનો રહેશે.
- મોકલેલ વિડીયોમાં સૌથી વધુ દર્શકો ધરાવનાર વિડીયોને મળશે પ્રથમ ઈનામ.
- ઘરે બેઠા ગરબા રસીકોને ઈનામો જીતવાની સોનેરી તક.
- PMS NEWS દ્વારા ઈનામો આપવામાં આવશે.
૧. પ્રથમ ઈનામ - ૫૦૦૧/-
૨. દ્વિતિય ઈનામ - ૩૦૦૧/-
૩. તૃતિય ઈનામ - ૨૦૦૧/-
વિજેતાના નામ તા.૩૧/૧૦/૨૦૨૦ શરદપૂનમ ના દિવસે રાત્રે ૮:૦૦ કલાકે જાહેર થશે.
આપનો વિડીયો આ Whatss app નંબર ઉપર મોકલો ૯૦૫૪૪૨૫૧૦૦.
નોંધ : વિડીયો મોકલનારનું નામ, શહેર અને જીલ્લો લખીને મોકલાવો.

## લદાખમાં ભૂકંપના ઝટકા, રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૩.૬

લદાખ,

લદાખમાં સોમવારે સવારે ભૂકંપના ઝટકા અનુભવાયા. આજે સવારે લદાખમાં ૪ વાગીને ૪૪ મિનિટે ભૂકંપ આવ્યો. નેશનલ સેન્ટર ઑફ સિસ્મોલૉજીના જણાવ્યા મુજબ રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૬ રહી. જો કે કોઈ પ્રકારના નુકશાનના સમાચાર હજુ સામે આવ્યા નથી. આ પહેલા લદાખના લેહમાં ૯ ઓક્ટોબરે ભૂકંપ આવ્યો હતો.

લદાખ કેન્દ્રશાસિત પ્રદેશના લેહમાં ૯ ઓક્ટોબરની સવારે ૫ વાગીને ૧૩ મિનિટે ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ભૂકંપ લેહના ૧૭૪ કિલોમીટર પૂર્વમાં હતુ. એ વખતે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૧ હતી. આ ભૂકંપ બાદ હજુ કોઈ પ્રકારના જાન-માલના નુકશાનની કોઈ માહિતી આવી નથી. લદાખમાં ગયા મહિને ૨૫ સપ્ટેમ્બરે પણ ભૂકંપ આવ્યો હતો જેની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી.

## બેંકોના ખાનગીકરણને આકર્ષક બનાવવા કેન્દ્રનું પગલું, રિઝર્વ બેંકના નિયમોમાં ફેરફાર કરાશે




ન્યુ દિલ્હી,

બેંકોના ખાનગીકરણને આકર્ષક બનાવવા અને એ માટે બોલીઓ નિમંત્રિત કરવા કેન્દ્ર સરકાર બેંકોના કામકાજમાં દખલ નહીં કરે એવી યોજના વિચારાઇ રહી હતી.

એ માટે રિઝર્વ બેંકના નિયમોમાં ફેરફાર કરવાનું પગલું પણ લેવાશે. જે જે બેંકનું ખાનગીકરણ કરવામાં આવશે એના કામકાજમાં સરકાર માથું નહીં મારે. એ બેંકોના વ્યવહારમાંથી ખસી જશે. ત્યારબાદ માત્ર બેંકો અને ગ્રાહકો વચ્ચેનો વ્યવહાર રહેશે.

આ માહિતી આપનારા સૂત્રે કહ્યું કે વડા પ્રધાનના કાર્યાલય, નાણાં મંત્રાલય અને રિઝર્વ બેંક વચ્ચે હાલ વિચાર વિનિમય ચાલી રહ્યો હતો. ખાસ કરીને કઈ બેંકમાં કેટલી હદે સરકારી ભાગીદારી રાખવી એ મુદ્દે આ ચર્ચા ચાલી રહી હતી. આ મુદ્દે અર્થનિષ્ણાતો સાથે પણ સરકાર વાટાઘાટ કરી રહી હતી.

હાલ ડઝનેક બેંકો છે. એમાંની અડધો અડધ બેંકોનું પ્રાઈવેટાઈઝેશન કરવાની સરકારની ઈચ્છા છે. કદાચ વધુ બેંકોનું પણ પ્રાઈવેટાઈઝેશન થઈ શકે છે. ૨૦૧૭ સુધી દેશમાં નાની મોટી ૨૭ બેંકો હતી. અત્યારે બાર બેંક રહી છે. અત્યાર સુધી સરકારે કેટલીક બેંકોનું મોટી બેંકમાં વિલીનીકરણ કર્યું હતું. પોલિસી કમિશને સરકારને એવી ભલામણ કરી હતી કે વધુમાં વધુ ચારેક બેંકો પર તમારો અંકુશ રાખો.

અત્યારે મળતા નિર્દેશો મુજબ સરકાર ભવિષ્યમાં જે ચારેક બેંકોમાં ભાગીદારી ચાલુ રાખવા ઈચ્છે છે એમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા,પંજાબ નેશનલ બેંક, બેંક ઑફ બરોડા અને કેનેરા બેંકનો સમાવેશ થાય છે. એનો અર્થ એવો પણ કરી શકાય કે બાકીની બેંકોમાંથી સરકાર પોતાની ભાગીદારી જતી કરશે અને આ બેંકોનું પૂર્ણ પણે ખાનગીકરણ કરી દેવામાં આવશે. પોલિસી કમિશને ત્રણ નાની સરકારી બેંકો પંજાબ એન્ડ સિંધ બેંક, બેંક ઑફ મહારાષ્ટ્ર અને યુકો બેંકનું અગ્રતાના ધોરણે પ્રાઈવેટાઈઝેશન કરવાની સલાહ આપી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
અજયકુમાર રાવજીભાઈ પટેલ
મુ. લિમ્બોદરા, તા. શહેરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
સી.એફ. પટેલ
મુ. માતરીયા વ્યાસ, તા. શહેરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
વી. જી. પટેલ
મુ. ખાનપુર, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.
ઘી અન્નાપૂર્ણા ગ્રાહક સહ ભંડાર
મુ. વાડોદરા (નવ), તા. મોરવા(હ)

# આત્મનિર્ભર પ્રોજેક્ટ અંતર્ગત વિરપુર તાલુકાની હાંડીયા,વરધરા,સારીયા દૂધ મંડળીના પશુપાલકોને બે ગાયો માટે લોન મંજુરી પત્રો આપવામાં આવ્યા

લુણાવાડા,
કોરોના સંકટકાળમાં પણ પ્રધાનમંત્રીનાઆત્મનિર્ભર ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવાના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા મહીસાગર જિલ્લામાં પણ ગ્રામીણ અર્થતંત્રને વેગવંતુ બનાવવાની દિશામાં પશુપાલનનો વ્યવસાય કરીઆર્થિક પ્રગતિનીદ્રઢ ઈચ્છા શક્તિ ધરાવતા પશુપાલકો માટે ઘનિષ્ઠ સહિયારા પ્રયાસો થીબે ગાયની ધિરાણ આપવાની યોજનાનોનવતર પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રદ્વારાબેન્ક ઓફ બરોડાઅનેદૂધમંડળીઓ સાથે નો એમ.ઓ.યુ કરીને પશુપાલકોને બે ગાય માટે લોન આપી નવતર આત્મનિર્ભર


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

પ્રોજેક્ટને પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રારંભિક તબક્કામાં વિરપુર તાલુકાનીત્રણ દૂધમંડળીઓ હાંડીયા, વરધરા, સારીયા દૂધ મંડળીના પશુપાલકોને આ પ્રોજેક્ટ અંતર્ગત લોન મંજુરી આપવામાં આવી છે. તેમજ આગામીસમયમાં તાલુકામાં દૂધમંડળીઓમાં૫૦૦૦ થી વધુપશુપાલકોને આ નવતર પ્રોજેક્ટનો લાભ આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા કલેક્ટર આર.બી.બારડે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા જે બે ગાયો આપવાની યોજનાની લોન આ તાલુકાના લાભાર્થીઓને લાભ આપવામાં છે અને જે પશુપાલકોએ ગાય ખરીદેલ છે. જેના થી તેમનું જીવન ધોરણ ઉચું આવશે તેમજ દુધ ઉત્પાદનમાં પણ વધારો થશે સાથે સાથે મળેલ લોન ના હપ્તા સમયસર ભરવા સાથે તેમની આર્થિક સ્થિતિમાં વધારો થશે. કલેક્ટરએ ગાય મેળવનાર પશુપાલકોને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રોજેકટ અંતર્ગતવિરપુર ડીવાઈન સ્કૂલ ખાતે બેન્ક ઓફ બરોડા દ્વારા આયોજિત કિસાન કેમ્પમાં રિજીઓનલ મેનેજર વીણાબેન શાહ,જિલ્લા પંચાયત પ્રમુખ મંજુલાબેન ખાંટ સહિત બેંકના અધિકારીઓ અધિકારીઓ, મહાનુભાવોના હસ્તે પશુપાલકોને લોનમંજૂરી પત્ર આપવામાં આવ્યા.આ કિસાન કેમ્પમાં ગોધરા રિજીઓનલ આદિત્ય કનોજીયા,યુવા અગ્રણી જયેન્દ્ર બારોટ, અમુલ ડિરેકટર સાયબેસિંહ, અગ્રણી એસ.બી.ખાંટ, લીડ બેન્ક મેનેજર પટેલ સહિત બેક અધિકારીઓ અને પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા. પંજાબથી આવેલાપશુ વેપારીઓની મુલાકાત કરવામાંઆવી અનેલોન મંજૂરીથી ખુશ પશુપાલકોએ પશુ ખરીદીકરી ગાયનું વિધિવત પૂજન કર્યું હતું.

# કપાસમાં રોગ નિયંત્રણ અર્થે વૈજ્ઞાનિક ભલામણ

લુણાવાડા,
કપાસના પાકમાં ચાપવા બેસવા અને ફૂલ ઉઘડવા અવસ્થાએ જોવા મળતી તડતડીયા, સફેદ માખી અને થ્રીપ્સના નિયંત્રણ માટે ફ્લોનીકામીડ ૫૦ ટકા વે.પા. ૪ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો. કપાસમાં પાનનાં ટપકાના રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૪૦ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૧૬ મિલી દવા ૧(એક) પંપમાં નાખીને વરાપે છંટકાવ કરવો. કપાસમાં ગુલાબી ઈયળના નર ફુદાને એકત્રીત કરવા માટે હેકટરે ૪૦ ની સંખ્યામાં ફેરોમેનટ્રેપ ગોઠવવાથી ઇયળોનું શરૂઆતની અવસ્થાથી જ નિંયત્રણ કરી શકાય. કપાસમાં ગુલાબી ઈયળથી નુકશાન પામેલ ફૂલ અને ચાપવા તોડીને જમીનમાં દાટી દેવા. વધુ નુકશાન હોય તો પ્રોફેનોફોસ ૫૦% ઇ.સી. ૨૦ મી.લી. અથવા સાયપરમેથ્રીન ૧૦ મિલી બીવેરીયા બાસીઆના ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. બી.ટી. કપાસમાં યુરીયા અને એમોનિયમ સલ્ફેટ અને મ્યુરેટ ઓફ પોટાશ દરેક ૩૦ કી.ગ્રા./હે. પુરતી ખાતર તરીકે આપવું. બી.ટી. કપાસમાં ફૂલ ભમરી, ઝીન્ડવા બનવા અને ઝીન્ડવાના વિકાસની અવસ્થાએ ૨ ટકા પોટેશિયમ નાયટ્રેટના દ્રાવણનો (૧૦ લીટર પાણીમાં ૨૦૦ ગ્રામ) છંટકાવ કરવો. બી.ટી. કપાસમાં વાવેતર બાદ ૬૦, ૭૫ અને ૯૦ દિવસે ૧(એક) ટકા મલ્ટી માયક્રોન્યુટ્રીયન્ટના દ્રાવણનો (૧૦ લીટર પાણીમાં ૧૦૦ ગ્રામ) છંટકાવ કરવો. બી.ટી. કપાસમાં ૪.૫ થી ૫ ફૂટની ઊંચાઈએ ઉપરની ટોચ કાપવી, જેથી સારો ફાલ લાગે. તેમજ કપાસના પાકમાં ફૂલ ભમરી ખરતી અટકાવવા અને સારો ફાલ લાગે તે માટે નેપ્થેલીન એસેટિકએસીડનુ ૩૦ પીપીએમ દ્રાવણ છાંટવુ (પ્લાનોફિક્સ ૭.૫ મિ.લી. ૧૦ લીટર પાણીમા મિશ્ર કરીને છાટવું તેમજ જરૂરિયાત મુજબ પિયત આપવું) તેમ ગ્રામીણ કૃષિ મૌસમ સેવા, સૂકી ખેતી સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટ.,તરઘડિયાના વૈજ્ઞાનિકો દ્વારા ભલામણ કરાઈ છે.

# આજે ચોથું નારતુઃ માઁ શક્તિનું ચોથુ રૂપ - કૂષ્માંડા

માઁ દુર્ગાજીના ચોથા સ્વરૂપનું નામ છે કૂષ્માંડા છે. પોતાના મંદ, હળવા હાસ્ય દ્વારા અંડ અર્થાત બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને કારણે તેમણે કૂષ્માંડા દેવીને નામે ઓળખાય છે. સંસ્કૃત ભાષામાં કૂષ્માંડાને કુમ્હડ કહે છે. બલિમાં તેમને કોળાની બલિ સૌથી વધુ પ્રિય છે. તે કારણે પણ માઁ કૂષ્માંડા કહેવાય છે.

નવરાત્રી-પૂજનના ચોથા દિવસે કૂષ્માંડા દેવીના સ્વરૂપની જ ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'અદાહત' ચક્રમાં અવસ્થિત હોય છે. તેથી આ દિવસે તેણે ખૂબ પવિત્ર અને અચંચળ મનથી કૂષ્માંડા દેવીના સ્વરૂપને ધ્યાનમાં રાખીને પૂજા ઉપાસનાના કાર્યમાં લાગવું જોઈએ.

જ્યારે સૃષ્ટિનું અસ્તિત્વ નહોતું, ત્યારે આ જ દેવીએ પોતાના 'ઈષત' હાસ્યથી બ્રહ્માંડની રચના કરી હતી. તેથી આ જ સૃષ્ટિની આદિ સ્વરૂપા, આદિશક્તિ છે.

આમનો વાસ સૂર્યમંડળની અંદરના લોકમાં છે. ત્યાં રહેવાની શક્તિ અને ક્ષમતા ફક્ત તેમનામાં જ છે. તેમના શરીરની કાંતિ અને પ્રભા પણ સૂર્યને સમાન જ દૈદીપ્યમાન અને પ્રકાશિત છે.

તેમના તેજ અને પ્રકાશથી દસે દિશાઓ પ્રકાશિત થઈ રહી છે. બ્રહ્માંડની બધી વસ્તુઓ અને પ્રાણીયોમાં અવસ્થિત તેજ તેમની જ છાયા છે.

માઁ ની આઠ ભૂજાઓ છે. તેથી તે અષ્ટભુજા દેવીના નામથી જ અવિખ્યાત છે. તેમના હાથોમાં ક્રમવાર કમંડળ, ધનુષ, બાણ, કમળનું ફૂલ, અમૃતથી ભરેલો કળશ, ચક્ર અને ગદા છે. આઠમાં હાથમાં બધી સિધ્ધિયો અને નિધિને આપનારી જપમાળા છે. તેમનું વાહન સિંહ છે.

માઁ કૂષ્માંડાની ઉપાસનાથી ભક્તોના સમસ્ત રોગ-શોક નાશ પામે છે. તેમની ભક્તિથી ઉંમર, યશ, બળ, અને આરોગ્યની વૃધ્ધિ થાય છે. માઁ કૂષ્માંડા સેવા અને ભક્તિથી પ્રસન્ન થનારી છે. જો મનુષ્ય સાચા હૃદયથી તેમને શરણાગત થઈ જાય તો તેને અત્યંત સુગમતાથી પરમ પદની પ્રાપ્તિ થઈ શકે છે.

વિધિ-વિધાનથી માઁ ના ભક્તિ-માર્ગ પર કેટલાંક પગલાં આગળ વધવાથી ભક્ત સાધકને તેમની કૃપાનો સૂક્ષ્મ અનુભવ થવા માંડે છે. આ દુઃખ સ્વરૂપ સંસાર તેમને માટે અત્યંત સુખદ અને સુગમ બની જાય છે. માઁ ની ઉપાસના મનુષ્યને સહજ ભાવથી ભવસાગર પાર કરવાનો સૌથી સારો અને શ્રેષ્ઠ માર્ગ છે.

માઁ કૂષ્માંડાની ઉપાસના મનુષ્યને આધિ-વ્યાધિથી દૂર કરી તેને સુખ, સમૃધ્ધિ અને ઉન્નતિની તરફ લઈ જાય છે. આથી પોતાની લૌકિક, પારલૌકિક ઉન્નતિ ઈચ્છતા લોકોએ તેમની ઉપાસના માટે હંમેશા તત્પર રહેવુ જોઈએ.

ઓમ કૂષ્માંડે મમ ધનધાન્ય, પુત્ર દેહિ દેહિ સ્વાહા.

# મહીસાગર જિલ્લામાં આજે ૮ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષો, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૮–૧૦–૨૦૨૦ ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૨૨૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧૧૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૬૩૫૭૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૫ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૦ દર્દી હોમ આઇસોલેશન, ૦૦ દર્દી સી સી સી સંતરામપુર, ૧૫ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૧ દર્દી SDH સંતરામપુર, ૦૪ અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૬ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# મહીસાગરમાં DDO દ્વારા વિવિધ વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,
ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GSDMA) ગાંધીનગર, મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી તથા જિલ્લા પંચાયત મહીસાગર અને બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા સંયૂકત ઉપક્રમે મહીસાગર જિલ્લાના વિવિધ વિભાગ જેવા કે પંચાયતી રાજ, શિક્ષણ ,શહેરી અને ગ્રામ વિકાસ તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની ૦૨ દિવસની અલગ – અલગ વિભાગની તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ છે.જે અંતર્ગત શરૂ થતા તાલીમ કાર્યક્રમ નો સવારે ૧૦:૩૦ કલાકે જિલ્લા પંચાયત હોલ ખાતે જિલ્લા વિકાસ અધિકારી સુ નેહાકુમારીના વરદ્ હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને અધિકારીઓ/કર્મચારીઓ માટે ડિઝાસ્ટર



મેનેજમેન્ટ તાલીમ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રથમ દિવસની તાલીમમાં શિક્ષણ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ ને આપત્તિ વ્યવસ્થાપનમાં રાખવાની તકેદારી અંગેની તાલીમ આપવામાં આવી હતી.જેમાં શાળાઓમાં આપત્તિ અંગેની સલામતીના પાઠ શીખવવામાં આવશે.

આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એ જણાવ્યું હતુ કે આવતી કુદરતી આફતોને આપણે રોકી નથી શકતા પણ આફતોનો સામનો કરી આપત્તિ વ્યવસ્થાપન કરી તેમાં થનાર નુકશાનને આપણે ઓછું કરી શકીએ આફતી સમયે શું કરવું તેની જાણકારી માટે આ તાલીમ કાર્યક્રમો વિવિધ વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ માટે ઘણાં ઉપયોગી નિવડશે વધુમાં ડી.ડી.ઓ. એ જણાવ્યું કે કોરોના સમયમાં ફરજીયાત માસ્ક પહેરવું,સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને વારંવાર હાથ સાફ રાખવા પર ખાસ ભાર મુક્યો હતો. આ તાલીમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જે.કે.જાદવ. નાયબ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પટેલ, નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારી કિરીટભાઇ પટેલ, ડિઝાસ્ટર મામલતદાર વિકાસ પટેલ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિ.પી.ઓ જિગર મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

# શાળાઓ શરૂ કરવા મુદ્દે શિક્ષણમંત્રીનું મોટું નિવેદન, કહ્યું-ક્યારેક તો શાળા ચાલુ કરવી જ પડશે

ગાંધીનગર,
હાલ કોરોના કાળમાં સમગ્ર રાજ્યમાં શાળાઓ બંધ છે. તેવામાં રાજ્યમાં હાલ બાળકોનું ઓનલાઈન શિક્ષણ ચાલી રહ્યું છે. પણ બાળકોની પરીક્ષા અંગે હજુ પણ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. રાજ્યમાં હજી શૈક્ષણિક સંકુલો ફરી ધબકતા થયાં નથી ત્યારે આજરોજ રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શાળાઓ શરૂ કરવા મુદ્દે પોતાનું નિવેદન આપ્યું છે. શાળાઓ શરૂ કરવા મુદ્દે શિક્ષણમંત્રીનું નિવેદન સામે આવતા ફરી એકવાર આ મુદ્દો ગરમાઈ ગયો છે. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ક્યારેક તો શાળા ચાલુ કરવી પડશે. આરોગ્ય વિભાગનો અભિપ્રાય મહત્વનો છે. અમે વાલીઓ, શિક્ષણવિદો સાથે ચર્ચાઓ કરી છે. અને ત્યારબાદ જ શાળાઓ શરૂ કરવા માટે નિર્ણય કરીશું. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યુંહતુંકે, આપણે ક્યારેક તોશાળા ચાલુ કરવી જ પડશે. પરંતુ સરકાર એકલી નિર્ણય કરે તે યોગ્ય નથી. હું અને શિક્ષણ વિભાગ સતત વાલીઓ અને શિક્ષણ સાથે સંકળાયેલા લોકોની સાથે ચર્ચા વેબિનાર કર્યા છે. હવે એ તબક્કો નજીક છે. વેબિનારથી અમે અભિપ્રાય મેળવીએ છીએ. આરોગ્ય વિભાગનો અભિપ્રાય સૌથી મહત્વનો છે. દરેક વિદ્યાર્થીના જીવનમાં કઈ પણ બનવા બોર્ડની પરીક્ષામાં પસાર થવુ જરુરી છે, પછી જ આગળ કોઈ પણ જીવનની દિશા પસંદ કરે છે. પરિણામ મહેનતનું વળતર મળે, સરકારે ગુણવત્તા જળવાય એના પર ધ્યાન આપ્યુ છે. ગુણવત્તા માટે ગુપ્તતા જળવાય તે જરુરી છે. રીઝલ્ટ તૈયાર કરવાની વ્યવસ્થા અત્યાર સુધી પ્રતિકૂળતા હોવા છતાં સુપેરે કરી છે. છતા એના ઉકેલ રુપે ખાત મુહૂર્ત એનો ઉકેલ છે. અલગ અલગ જગ્યાઓ પર અત્યાર સુધી કામ કરતા હવે એક જ જગ્યાએ બધુ કામ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે (રવિવારે) શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને શાળા સંચાલકો વચ્ચે શાળાઓને લઈ એક વેબિનારનું આયોજન થયું હતું. આ વેબિનારમાં ગુજરાતમાં શાળાઓ ખૂલવા અંગે મોટો સંકેત સામે આવ્યો હતો. રાજ્યમાં ધોરણ ૧ થી ૫ સુધીના બાળકો માટે દિવાળી પછી પણ શાળા ખૂલશે નહીં. દિવાળી વેકેશન પછી ધો. ૯થી૧૨નાં વિદ્યાર્થીઓ માટે શાળાઓ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ગ્રામ્યમાં ધોરણ ૬થી૮નાં બાળકોને છૂટ આપવા રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે. એટલું જ નહીં, પણ દિવાળી વેકેશન પણ સરકાર દ્વારા ટૂંકાવી દેવામાં આવ્યું છે. ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના ઉપ પ્રમુખ જતિન ભરાડે જણાવ્યું કે, પહેલા ચરણમાં ૯ થી ૧૨ની શાળાઓ શરૂ કરવામાં આવશે અને પછી સ્થિતિ કાબૂમાં રહેશે તો નાના વર્ગો ખોલવા ચર્ચા કરાશે.

## આજનું પંચાંગ


વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૦-૧૦-૨૦૨૦, મંગળવાર, આસો સુદ-૪, સૂર્યોદય-૬-૪૬, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૭-૩૪, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૦૮ થી ૧૨-૫૪ સુધી, ૯-૩૯થી ચલ-લાભ-અમૃત-૧૩-૫૮ સુધી, ૧૫-૨૪ થી લાભ-૨૧-૨૪ સુધી, ૨૨-૫૮ થી શુભ-અમૃત-ચલ ૨૭-૩૯ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૪૧થી ૧૧-૩૪ સુધી, ૧૨-૩૧થી ૧૩-૨૯ સુધી, ૧૫-૨૪ થી ૧૮-૧૬ સુધી, ૧૯-૧૯ થી ૨૦-૨૧ સુધી |

# રાહતઃ કોરોના પોઝિટિવ દૈનિક કેસોમાં મોટો ઘટાડો

## છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૭૨૨ પોઝિટિવ કેસ, ૫૭૯ના મોત

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના સંક્રમણના ફેલવામાં સતત ઘટાડો આવી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૫,૭૨૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૭૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં કુલ સંક્રમિતોનો આંક ૭૫ લાખને પાર થઈ ચૂક્યો છે. તો અત્યાર સુધીમાં ૧.૧૪ લાખ લોકોએ કોવિડ-૧૯ સામે લડતાં જીવ ગુમાવ્યો છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં




આવેલા આંકડાઓ મુજબ દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૭૫,૫૦,૨૭૩ પહોંચી છે.

આ ઉપરાંત, ભારતમાં કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૬૬ લાખ ૬૩ હજાર ૬૦૮ લોકો સાજા પણ થઇ ચૂક્યા છે. હાલ ૭,૭૨,૦૫૫ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૪,૬૧૦ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ સોમવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૮ ઓક્ટોબર સુધીમાં ભારતમાં કુલ ૯,૫૦,૮૩,૯૭૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, છેલ્લા ૨૪ કલાકમાં ૮,૫૯,૭૮૬ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ભારતમાં સૌથી વધુ કોરોના વાયરસનો પ્રકોપ મહારાષ્ટ્રમાં જોવા મળે છે. મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૦૨૫૯ કેસ સામે આવ્યા છે તો બીજા નંબરે કેરલ છે જ્યાં ૯૦૧૬ કેસ સામે આવ્યા છે. જ્યારે ગુજરાતમાં ૨૪ કલાકમાં ૧૦૯૧ કેસ સામે આવતા હવે કોરોનાનો કુલ આંકડો ૧૫૯૭૨૬ થયો છે તો મૃત્યુઆંક પણ ૩૬૩૮ થયો છે. જ્યારે વધુ ૧૨૩૩ દર્દીઓ સ્વસ્થ થતાં રાજ્યનો રિકવરી રેટ પણ સુધરીને ૮૮.૬૮એ પહોંચ્યો છે.

૨૪ કલાકમાં રાજયમાં કોરોનાના કુલ ૫૧,૧૪૧ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૫૩,૭૪,૨૪૯ થયો છે. રાજ્યમાં ૧૦૯૧ નવા દર્દીઓ સામે ૧૨૩૩ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૪૧,૬૫૨ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૮૦૨.૧૭ ટેસ્ટ થાય છે.

# ભારતમાં હવે નાક દ્વારા અપાતી વેક્સીનની ટ્રાયલની તૈયારી

ન્યુ દિલ્હી,
ભારતમાંવેક્સીનનુંકામ પૂર ઝડપે ચાલી રહ્યું છે અને હવે ટૂંક સમયમાં ઈન્ટ્રાનેસલ વેક્સીનનું ટ્રાયલ પણ શરૂ કરવામાં આવશે. આ જાણકારી સરકાર તરફથી આપવામાંઆવી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધને કહ્યું કે રેગ્યુલેટરી મંજૂરી મળતા જ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેક નાક દ્વારા અપાતી વેક્સીનનું ટ્રાયલ શરૂ કરી દેશે. હાલમાં ભારતમાં નોઝલ વેક્સીન પર કોઈ ટ્રાયલ ચાલી રહી નથી.




નોઝલ કોરોના વાયરસ વેક્સીનને લઈ ભારત બાયોટેકે વોશિંગ્ટન યુનિવર્સિટી અને સેંટ લુઈસ યુનિવર્સિટીની સાથે એક કરાર કર્યો છે. ડૉ. હર્ષવર્ધને કહ્યું કે, ભારત બાયોટેકે વોશિંગ્ટન યુનિવર્સિટીના સ્કૂલ ઓફ મેડિસિનની સાથે એક કરાર કર્યો છે. જેના હેઠળ કંપની કોરોના માટે ઈન્ટ્રાજેનલ વેક્સીન ટ્રાયલ, ઉત્પાદન અને વેપાર કરશે.

ડૉક્ટર હર્ષવર્ધને કહ્યું કે, સીરમ ઈન્સ્ટિટ્યૂટ અને ભારત બાયોટેક પોતાના નોઝલ કોરોના વેક્સીનનું લેટ સ્ટેજ ટ્રાયલ ભારતમાં ટૂંક સમયમાં શરૂ કરશે જેમાં ૩૦ હજારથી ૪૦ હજાર સુધી વોલિંટિયર્સ સામેલ થઈ શકશે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર દુનિયાભરમાં વેક્સીન તેના ત્રીજા ચરણની ટ્રાયલમાં છે અને આ દરેક વેક્સીન ઈન્જેક્શનવાળી છે.

તમને જણાવી દઈએ કે ભારતના ડૉક્ટર રેડ્ડીઝ લેબ અને RDIFને ભારતમાં સ્પતનિક વી વેક્સીનના લેટ સ્ટેજ ક્લીનિકલ ટ્રાયલ કરવાની પરવાનગી મળી ચૂકી છે. આ પહેલા ડીજીસીઆઈએ એ હેતા મંજૂરી આપવાની ના પાડી દીધી હતી કે રશિયામાં આ વેક્સીનના પહેલા અને બીજા ચરણનું પરીક્ષણ ખૂબ જ ઓછા લોકો પર કરવામાં આવ્યું છે.

સરકારે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે ભારતમાં થોડા મહિનામાં કોરોના વાયરસ વેક્સીન આવવાની આશા છે અને આવનારા ૬ મહિનામાં લોકોને વેક્સીન આપવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. તો WHOનું કહેવું છે કે સ્વસ્થ યુવાઓને કોરોના વાયરસની વેક્સીન માટે ૨૦૨૨ સુધી રાહ જોવી પડી શકે છે. કારણ કે સૌથી પહેલા હેલ્થ વર્કર્સ અને વધુ રિસ્ક ધરાવતા લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે.

WHOના મુખ્ય વૈજ્ઞાનિક ડૉક્ટર સૌમ્યા સ્વામીનાથનનું કહેવું છે કે સ્વસ્થ યુવાઓએ વેક્સીન માટે રાહ જોવી પડી શકે છે. તેમણે કહ્યું કે, મોટાભાગના લોકો એ વાત પર સંમત છે કે સૌથી પહેલા વેક્સીન હેલ્થ કેયર વર્કર્સ અને ફ્રંટ લાઈન વર્કર્સને આપવી જોઈએ. પણ અહીં પણ એ જોવાની જરૂરત રહેશે કે કોરોનાનો સૌથી વધારે ખતરો કયા લોકોમાં છે અને ત્યાર પછી વૃદ્ધોનો નંબર આવે છે. તેમણે કહ્યું કે, ૨૦૨૧ સુધી ઓછામાં ઓછી પ્રભાવી વેક્સીન આવી જશે પણ તે સીમિત માત્રામાં ઉપલબ્ધ રહેશે અને માટે અતિસંવેદનશીલ લોકોને પહેલા પ્રાથમિકતા આપવામાં આવશે. તો વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના કોવેક્સ ગઠજોડમાં સામેલ થવાના થોડા દિવસો પછી ચીને પોતાની કોરોના વેક્સીનને ઈમરજન્સી વપરાશને ૩ વધુ શહેરોમાં કરવાની મંજૂરી આપી છે. આ ત્રણ પૂર્વીય શહેર ચીનના ઝેજિયાંગ પ્રાંતના છે.

## દૈનિક રાશીફળ

તા.૨૦.૧૦.૨૦૨૦ મંગળવાર

મેષ (અ.લ.ઈ.) :- તમો ખુબ જ મહેનત કરશો આજનો દિવસ તમોને સફળતા મલે તેવા યોગ બતાવે છે. કર્જમાં રાહત થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના સામાજીક સંસ્થામાં હોદ્દો મેળવવાના પ્રયત્નો ફળવાના મિત્રોથી લાભ રહેશે.

મિથુન (ક.છ.ઘ.) :- તમારી અંદર રહેલી શકિતઓનો યોગ્ય ઉપયોગ કરો આધ્યાત્મિક વિચારો અપનાવો મિલ્કતના પ્રશ્નો ટાળવા.

કર્ક (ડ.હ.) :- અંગત વાતો બીજાને કહેવામાં સાવધાની રાખવી પ્રવાસ થાય. યુવા વર્ગને નોકરી ધંધો મેળવવામાં સફળતા મલવાની.

સિંહ (મ.ટ.) :- તમારે મહત્વકાંક્ષાઓને કાબુમાં રાખવાની છે. કર્મચારી વર્ગ સાથે સુમેળ રાખવો વિદેશથી લાભ મળવાનો.

કન્યા (પ.ઠ.ણ.) :- પરિવારના સભ્યો સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો ગુસ્સાને લઈને સ્વાસ્થ્ય ઉપર અસર થાય.

તુલા (ર.ત.) :- સંતાનોની સગાઈના પ્રશ્નોમાં સફળતા રહેશે. જુના મિત્રોની મુલાકાત થાય. પ્રવાસની ઈચ્છા ફળે.

વૃશ્ચિક (ન.ય.) :- સ્વાસ્થ્યમાં સુધારો થવાનો મિલ્કતના કોઈ પ્રશ્નો હશે તો તેમાં લાભ માતાનો સહકાર રહેવાનો.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- સાંજ પછીનો સમય લાભદાયક રહે. આવકનું પ્રમાણ વધે. કોમ્પ્યુટર, ટેકનીકલ લાઈનથી લાભ રહે.

મકર (ખ.જ.) :- કારણ વગરનું ટેન્સન રહેવાનું મોટા સાહસો બાબત જાળવવું મા-બાપના સ્વાસ્થ્ય બાબત જાળવવું.

કુંભ (ગ.શ.સ.) :- દેખાદેતીથી જાળવજો તમારી શકિત પ્રમાણે જ કાર્ય કરવું લગ્નજીવનમાં મતભેદોથી જાળવવું.

મીન (દ.ચ.ઝ.) :- આવક વધારવાના પ્રયત્નો ફળે નોકરીમાં નવી ઓફર, સીઝનલ ધંધામાં લાભ-બહેનોથી લાભ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં

# બેરોજગારોને પોષ્ટમાં નોકરી આપવાના બહાને રૂપીયા ખંખેરી લેતા છેતરપિંડીની ફરિયાદ

દાહોદ,

ધુતારા લોકો દ્વારા લોભિયા લોકોને હથેળીમાં તારા બતાવી ધોળા દિવસે લૂંટી જતા હોવાના કિસ્સા અવાર-નવાર પ્રકાશમાં આવતા હોવા છતાં જ્યાં લોભ હોય ત્યાં થોભ ન હોયની દ્રષ્ટિએ જોતાં લોભિયા લોકો ધુતારાઓની ચુંગાલમાં ફસાઈ હજારો-લાખો રૂપિયા ગુમાવી બેસવાના અનેક કિસ્સા અગાઉ બની ચૂકેલા છે.તેમ છતાં લોભમાં લુટાઈ જવા માંગતા લોકો આગળ પાછળનો વિચાર કર્યા વગર લૂંટાઈ જતા લોકો આખરે રાતા પાણીએ રડતા હોવાના અવાર-નવાર કિસ્સા જોવા મળતા હોય છે.તેવી જ રીતે ગત ચાર વર્ષ અગાઉ મોટાનટવા ગામના એક પોસ્ટ ખાતામાં નોકરી કરતા ઈસમે પોતાની પોસ્ટ ખાતાના અધિકારીઓ સાથે સારી ઓળખાણ હોવાનું જણાવી, પોસ્ટ ખાતામાં નોકરી અપાવવાના બહાને ગામ સહિત અન્ય લોકો પાસેથી હજારો રૂપિયા ખંખેરી છેતરપિંડી કરી હોવાની બાબતે સુખસરના છેતરપિંડીનો ભોગ બનેલા વ્યક્તિએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સુખસરમાં પ્રજાપતિ ફળિયા ખાતે રહેતા અને છૂટક કરીયાણાનો વેપાર ધંધો કરતા રમેશભાઈ દેવીલાલ કલાલને મોટાનટવા ગામના પોસ્ટ ખાતામાં નોકરી કરતા એક ઈસમે ચાર વર્ષ અગાઉ જણાવેલ કે,હું પોસ્ટ ખાતામાં નોકરી કરૂં છું.અને પોસ્ટ ખાતાના અધિકારીઓ જોડે મારે સારી ઓળખાણ છે.અને તમારે છોકરાને પોસ્ટ ખાતામાં નોકરી ઉપર મુકવો હોય તો હું તમારા છોકરાની ભલામણ કરી નોકરી ઉપર મુકાવી આપીશ.પરંતુ તેના માટે તમારે બે લાખ રૂપિયા આપવા પડશે,તેમાંથી એડવાન્સ પેટે રૂપિયા ૫૦.હજાર આપવાનું જણાવતાં રમેશભાઈ કલાલે રૂપિયા ૪૮૦૦૦/- નોકરી અપાવવાની લાલચ આપનાર ઈસમને આપી દીધેલ.

તેવીજ રીતે મોટાનટવાના વતની અને મોટાનટવા ગામ ખાતે પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા બામણીયા સડીયાભાઈ હકલાભાઈના ઓને પણ પોતાના ગામના ઈસમે પુત્રને પોસ્ટ ખાતામાં નોકરી અપાવવાની લાલચ આપી નોકરી જોઈતી હોય તો એડવાન્સ નાણાં આપવા પડશેના બહાને રૂપિયા ૫૦,૦૦૦/-લઈ નોકરી માટે ભલામણ કરી આપવા જણાવેલ.ત્યારબાદ સમય થતાં વેપારી તથા શિક્ષક પુત્રને નોકરી નહીં મળતા આ બંને વ્યક્તિઓએ નોકરી અપાવવા નાણાં લઈ જનાર ઈસમને પૂછપરછ કરતા નોકરીના બહાને છેતરપિંડીનો શિકાર કરતા ઈસમે ચાર વર્ષ સુધી વિવિધ બહાનાં બતાવી નોકરી કે લીધેલ નાણા પરત નહીં આપતા નોકરીના બહાને પોતે છેતરપીંડીનો શિકાર બન્યા હોવાનો અહેસાસ થતાં રમેશભાઈ કલાલ તથા સડીયાભાઈ બામણીયાએ પોતાના પુત્રોને નોકરી અપાવવાના બહાના હેઠળ છેતરપિંડી કરી જનાર ઈસમની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

થતી ચર્ચા મુજબ મોટાનટવાના પોસ્ટ ખાતામાં નોકરી કરતા આ ઈસમ દ્વારા સુખસર વિસ્તાર સહિત જિલ્લાના કેટલાક વિસ્તારના બેરોજગાર યુવાનોને પોસ્ટ ખાતામાં નોકરી અપાવવાના બહાના હેઠળ લાખો રૂપિયા ઉપરાંતની છેતરપિંડી કરી હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. ત્યારે પોસ્ટ ખાતામાં નોકરી આપવાના બહાને છેતરપિંડીનો શિકાર બનેલા અનેક લોકો બહાર આવે તેવી શક્યતા નકારી શકાતી નથી.

## દાહોદ જીલ્લામાં ચાર અલગ- અલગ અકસ્માત બનાવમાં પાંચ વ્યકિતઓને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ચાર જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ ચાર માર્ગ અકસ્માતની વણઝારમાં બે મહિલા સહિત પાંચથી વધુ વ્યક્તિઓને ઈજાઓ થતાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના બોરવાણી ગામે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ તાલુકાના રળીયાતી ગામે સાંસીવાડમાં રહેતા મનસુખભાઈ નાથીયાભાઈ પરમાર ગત તા.૧૮મી ઓક્ટોબરના રોજ પોતાની મોટરસાઈકલ લઈ પોતાની પત્નિ સુનકીબેનને બેસાડી બોરવાણી ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મનસુખભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતાં મનસુખભાઈ અને તેમની પત્નિ સુનકીબેન બંન્ને જમીન પર ફંગોળાયા હતા અને જેને પગલે બંન્ને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત મનસુખભાઈ નાથીયાભાઈ પરમારે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો જેમાં લીમખેડાના ખીરકાઈ ગામે રહેતા પ્રદિપભાઈ ડામોર ગત તા.૧૨મી ઓક્ટોબરના રોજ પાલ્લી ગામેથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહ્યા હતા અને લઘુશંકા માટે મોટરસાઈકલ રસ્તાની સાઈડમાં ઉભી રાખી લઘુશંકા કરવા જતાં હતા. આ દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પ્રદિપભાઈને અડફેટમાં લેતા પ્રદિપભાઈને શરીરે ઈજાઓ પહોંચતા આ સંબંધે ખીરખાઈ ગામે રહેતા પ્રવિણભાઈ કટારા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ લીમખેડા તાલુકાના દાભડા ગામે બનવા પામ્યો હતો જેમાં એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની બસને પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ જતી એક ટ્રકને પાછળથી ટક્કર મારતા બસને ખાસ્સુ નુકસાન થયું હતુ અને બસમાં સવાર કેટલાક પેસેન્જરોને પણ શરીરે ઈજાઓ પહોંચતા આ સંબંધે જીજ્ઞેશકુમાર અમરતભાઈ પટેલે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્મતાનો ચોથો બનાવ ઝાલોદ તાલુકાના રૂપાખેડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૭મી ઓક્ટોબરના રોજ એક ટ્રેક્ટરના ચાલકે પોતાના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ટ્રેક્ટરના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા ટ્રેક્ટરને એક દુકાનની દિવાલ સાથે ભટકાવી દેતા દિવાલ તુટી ગઈ હતી અને નુકસાન પહોંચાડ્યું હતું. આ દરમ્યાન ટ્રેક્ટરમાં સવાર રૂપાખેડા ગામે ભગત ફળિયામાં રહેતા પ્રદિપભાઈ નારસીંગભાઈ ડામોર અને મીનાબેનને શરીરે ઈજાઓ પહોંચતા આ સંબંધે ઈજાગ્રસ્ત પ્રદિપભાઈ ડામોરે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેનનો દાહોદવાસીઓને સંદેશ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગત શનિવારે દાહોદમાં યોગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીએ દાહોદવાસીઓને કોરોના સંદર્ભે એક સરસ સંદેશ આપ્યો છે. તેમણે જણાવ્યું છે કે, કોરોના સામેની વેક્શિન શોધાઈ નથી ત્યારે આપણી રોગપ્રતિકારક શક્તિ જ આપણી વેક્સિન છે અને યોગ એ રોગપ્રતિકારક શક્તિ વધારવા માટેનો રામબાણ ઈલાજ છે.

તેમણે જણાવ્યું કે, કોરોનાની વૈશ્વિક મહામારી સામે યોગ ખૂબ જ અસરકારક છે. ગુજરાત સરકારે ગુજરાત રાજય યોગ બોર્ડનું ગઠન કર્યું છે. જેનો ઉદ્દેશ છે કે જનજન સુધી યોગનો સંદેશ પહોંચે અને ઘરે ઘરે લોકો યોગ કરતા થાય. જે માટે ગુજરાતભરમાં યોગસંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. કોરોનાના કપરા સમયમાં પણ અમે સામાજિક અંતર-માસ્ક વગેરે નિયમો સાથે યોગટ્રેનરો લોકોને યોગ બાબતે જાગૃત કરે તે માટે બેઠકો યોજી રહ્યાં છે.

અત્યારના સમયમાં લોકો યોગ અપનાવે તેની તાતી જરૂરીયાત છે. કોરોના સામે બચાવ માટે યોગ-પ્રાણાયામ ભારે ઉપયોગી છે. ભસ્ત્રિકા-કપાલભારતી-અનુલોમ વિલોમ પ્રાણાયામ, વ્યાયામ અને આસનો દ્વારા લોકો પોતાની રોગપ્રતિકારક શક્તિ વધારી શકે છે. આ ઉપરાંત આયુષ મંત્રાલયે સૂચવેલા આયુર્વેદના ઉપાયો, ગરમ પાણીનો ઉપયોગ વગેરે પોતાના રોજિંદા જીવનમાં અપનાવીને કોરોનાથી બચી શકાય છે. આ બધા ઉપાયોથી રોગપ્રતિકારક શક્તિમાં પણ નોંધપાત્ર વધારો થાય છે. જે કોરોના સામે લડવામાં મદદગાર સાબિત થાય છે. જયાં સુધી કોરોનાની રસી ન શોધાય ત્યાં સુધી તમારી અંદર રહેલી રોગપ્રતિકારક શક્તિ જ વેક્સિનનું કામ કરશે. અને ઈમ્યુનિટિ વધારવા માટે યોગ એ રામબાણ ઈલાજ છે.

## દાહોદ જિલ્લાના ફતેપુરામાં ફતેપુરા મિશન મંગલમ શાખામાં ભ્રષ્ટાચાર થતો હોવાની મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત

દાહોદ,

ફતેપુરા તાલુકાના મિશન મંગલમ મહિલા કર્મચારી દ્વારા આઈડી આપવા માટે નાના માંગ્યા હોવાની આક્ષેપ સાથે વિડીયો અને ઓડિયો રેકોર્ડિંગ સાથે ડુંગર ગામના અરજદાર દ્વારા મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે કલેકટર કચેરી દ્વારા આ બાબતે અહેવાલ રજુ કરવા તાલુકા વિકાસ અધિકારીને હુકમ કર્યો હતો.

ફતેપુરા તાલુકાના ડુંગર ગામના સરદારભાઈ તાવીયાડ દ્વારા મિશન મંગલમ શાખામાં મહિલાઓ માટેની યોજનાઓની કામગીરી માટે રજૂઆત કરી હતી. જેમાં બીસી એજન્ટ તરીકેની પણ કામગીરી આપવામાં આવતી હોવાથી મોજ સરકાર દ્વારા અન્ય યોજનાઓ કાર્યરત હોવાની માહિતીને લઈ કામગીરી કરવા માટે ભલામણ કરી હતી. જેમાં મિશન મંગલમ શાખાના કર્મચારી નીતાબેન દવે દ્વારા આઈડી ખોલવા માટે નાણાની માંગણી કરાઈ હોવાનું આક્ષેપ સાથે રજૂઆત કરી હતી. ૫૦૦ રૂપિયાન માંગ્યા હોવાને વિડિયો રેકોર્ડિંગ અને ઓડિયો રેકોર્ડિંગ સાથે મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. રજુઆતને લઈ જિલ્લા કલેક્ટર કચેરીમાંથી હા રજૂઆત બાબતે સ્પષ્ટ અહેવાલ રજૂ કરવા તાલુકા વિકાસ અધિકારીને હુકમ કર્યો હતો.

**- ડુંગર ગામ ના અરજદારે ઓડિયો વીડિયો રેકોર્ડિંગ સાથે રજૂઆત કરતાં ખળભળાટ.**
**- કલેકટર કચેરી દ્વારા અહેવાલ રજૂ કરવા ટીડીઓને હુકમ કર્યો.**

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૪માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સુજીતકુમાર વી. દવે
તરફથી અભીનંદન....
APO મનરેગા શાખા
તાલુકા પંચાયત,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

## વડોદરા શહેરમાં કોરોનાના કેસનો કુલ આંક ૧૩,૮૦૮ ઉપર પહોંચ્યો

વડોદરા,

વડોદરા શહેરમાં છેલ્લા ૭ મહિનાથી કોરોના વાઈરસ કહેર મચાવી રહ્યો છે. વડોદરા શહેરમાં કોરોનાના કેસનો કુલ આંક ૧૩,૮૦૮ ઉપર પહોંચી ગયો છે અને રોજેરોજ ૧૧૦ની આસપાસ નવા કેસ સામે આવી રહ્યા છે. જોકે વડોદરા શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના એક્ટિવ દર્દીઓની સંખ્યા હવે ૨ હજારની નીચે પહોંચી ગઈ છે. વડોદરા શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ૬૧૫૭ જેટલા બેડ તૈયાર કરાયા છે.

જે પૈકી હાલ ૧૮૯૩ બેડ ભરાયેલા છે, જ્યારે ૪૨૬૪ જેટલા બેડ હજી ખાલી છે. તંત્ર કોરોનીની સ્થિતિ સામે લડવા માટે સજ્જ છે. વડોદરા શહેરમાં કોવિડ-૧૯ના આઈસીયુ, સ્પલાય બેડ અને હળવા લક્ષણોવાળા બેડ હાલ પૂરતી સંખ્યામાં ઉપબલ્ધ છે. જેમાં સૌથી હળવા લક્ષણોવાળા ૨૩૧૮ બેડ ઉપલબ્ધ છે, જ્યારે ક્રિટીકલ દર્દીઓ માટે હાલ ૫૯૭ આઈસીયુ બેડ પણ ઉપલબ્ધ છે. એક મહિના પહેલા વડોદરાની હોસ્પિટલોમાં કોવિડના દાખલ દર્દીઓની સંખ્યા ટોચે પહોંચી હતી.

વિવિધ દવાખાનાઓમાં દાખલ કોવિડ દર્દીઓની સંખ્યા સૌથી વધુ ૩૨૫૦ હતી. ત્યારબાદ ઘટાડાનો પ્રવાહ ચાલુ થયો હતો.

## ફતેપુરાના ભીતોડી ગામના યુવાને ફેસબુક બાઈક વેચવાની જાહેરાત આપી ૩૦ હજારની છેતપિંડી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ભીતોડી ગામના યુવાનને મોટરસાયકલ વેચાણ આપવાના બહાને રૂપિયા ૩૦ હજારની છેતરપિંડીઃ ફેસબુક ઉપર જાહેરાત આપી મોટરસાયકલના વોટ્સએપ ઉપર ફોટા મોકલી,બેંકમાં નાણાં ભરપાઈ કરવી નાણા ઉઠાવી ગઠિયાઓ દ્વારા યુવાનને અપાતી ધમકીઓ!

લોભને થોભ ન હોય,પરંતુ ધુત વિદ્યા દ્વારા ધુતી જતા ધુતારાઓ પોતાની આવડતથી માયા જાળ બિછાવી ભલભલાને ગુમરાહ કરી લૂંટી લેવાના અવાર-નવાર કિસ્સાઓ પ્રકાશમાં આવે છે. તેમ છતાં કેટલાક અતિ લોભી લોકો અગાઉ બની ચૂકેલા કિસ્સાઓને નજર અંદાજ કરી જાણે લૂંટાઈ જવા તૈયાર હોય તેમ આસાનીથી લૂંટાઇ રહયા છે.અને તેવો જ બનાવ ફતેપુરા તાલુકાના ભીતોડી ગામનો યુવાન મોટરસાયકલ વેચાણ માટે ફેસબુક ઉપર આપેલ જાહેરાતના આધારે મોટરસાયકલ ખરીદ કરવાના લોભમાં ત્રીસ હજાર રૂપિયા ગુમાવી બેઠો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ભીતોડી ગામના રમેશભાઈ વીરસીંગભાઈ પારગી ખેતીવાડી તથા છૂટક મજૂરી ધંધો પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે.જેઓએ ૧૫ ઓક્ટોબર-૨૦૨૦ ના રોજ પોતાના મોબાઈલમાં ફેસબુક ઉપર મોટરસાયકલ વેચાણ કરવાની હોવા બાબતની જાહેરાત વાંચી આપેલ મોબાઈલ નંબર-૮૨૬૦૯૧૭૧૧૪ ઉપર કોલ કરતા સામેથી હિન્દી ભાષામાં વાત કરી જણાવેલ કે,હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ અમારે વેચાણ આપવાની છે.અને તમારે ખરીદ કરવી હોયતો અમો ગાડીના ફોટા તમને વોટ્સએપ ઉપર મોકલી આપીએ.તેમ જણાવી મોટર સાયકલના ફોટા વોટ્સઅપ ઉપર મોકલી આપેલ.તેમાં આ મોટર સાયકલનો રજીસ્ટ્રેશન નંબર-જીજે.૦૫-ઈટી.૬૫૯૯ જણાયેલ.તેમજ આ નંબરની મોટરસાયકલની આર.સી.બુક વોટ્સઅપ દ્વારા મોકલાવેલ.તેમાં આ ગાડીના માલિક ભાવેશભાઈ નંદલાલ ભાઈ જેઓ સુરત જહાંગીરપુરા ગામના વતની હોવા બાબતે આરસીબુકમાં જણાયેલ.આ ગાડીની ફોટામાં કન્ડિશન જોતા સારી જણાતા રમેશભાઈ પારગીને આ ગાડી પસંદ પડતા આગાડીની કિંમત પૂછતા તેની કિંમત ત્રીસ હજાર રૂપિયા નક્કી કરવામાં આવેલ.ત્યારબાદ સામેવાળા વ્યક્તિએ મોબાઈલ દ્વારા જણાવેલ કે, તમો ડીલેવરી ચાર્જના રૂપિયા ૨૪૦૦/- ખાતા નંબર-૧૬૨૩૦૧૫૦૮૫૩૧.આઈ.સી. આઈ.સી.આઈ બેંકના ખાતામાં મોકલી આપો તેમ જણાવી તમારી ગાડી સુરતથી ડીલીવરી કરાવી દીધેલ હોવાનું જણાવેલ.ત્યારબાદ મોબાઇલ નંબર-૮૩૯૭૮૩૪૫૯૪ થી જણાવેલ કે,ગાડી લોડ થઈ ગઈ છે, તમો રૂપિયા ૩,૬૦૦/- ભરો નું જણાવી બેંક ખાતામાં નાણાં ભરાવ્યા બાદ રૂપિયા ૧૩૦૦૦/- અને ત્યારબાદ રૂપિયા ૧૧,૦૦૦/- ઉપરોક્ત બેંક ખાતામાં જમા કરાવડાવી કુલ રૂપિયા ૩૦,૦૦૦/- હજાર સામેવાળા વ્યક્તિઓએ ઉપાડી લીધેલ.ત્યારબાદ નાણાં ભરપાઈ કરાવ્યા તે જ દિવસે સાંજના મોડા સુધી મોટરસાયકલ મળી જશે નું સામેવાળાઓએ આશ્વાસન આપતા મોડી રાત્રી સુધી મોટરસાયકલ નહીં મળતા ફરીથી ઉપરોક્ત મોબાઈલ નંબર ઉપર કોલ કરતા સામાવાળા વ્યક્તિઓએ જણાવેલ કે,હજી બીજા રૂપિયા ૯૦૦૦/- ભરો તોજ તમને મોટરસાયકલ મળશે.નહીં તો અમો તમારા ઉપર પોલીસમાં કમ્પ્લેન આપીશુંની ધમકીઓ આપવાની ચાલુ કરેલ.જેથી રમેશભાઈ પારગીનાઓને મોટરસાયકલ વેચાણ આપવાના બહાને છેતરપિંડી કરવામાં આવી હોવા બાબતે ભાન થતાં પગ નીચેથી ધરતી સરકી જવા પામી હતી.અને ઉપરોક્ત બાબતે રમેશ વીરસીંગ ભાઈ પારગીનાઓએ સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હોવાનું જાણવા મળે છે. આમ,કેટલાક લોકો હાથે કરીને ભેજાબાજોના શિકાર બની રહ્યા છે.તેમ છતાં અન્ય લોકો તેના ઉપરથી શીખ મેળવતા નથી અને આ બેલ મુજે માર ની નીતિ અપનાવતા હોય ત્યારે તેઓ ને સમજાવવા કયો રસ્તાઓ અપનાવવો તે સમજાઈ શકતું નથી.

## દે.બારીઆ શહેરના ૭૦% વિસ્તારમાં પીવાનું પાણી પ્રદુષિત મળે છે કોણ જવાબદાર છે ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દે.બારીઆ શહેરમાં નગરપાલિકાના હસ્તક પીવાનું પાણી મળે છે. જે માટે ખારા પાણી પુરવઠા વિભાગ છે. તેના હસ્તક હોવો જોઈએ તે નથી. કારણ જે પીવાના પાણી અંગેની ગ્રાન્ટ ફળવાય છે. તે ગ્રાન્ટને ખોટા બિલો બનાવીન પૂરી કરી દેવાતી હોય છે. ત માટે પાણી પુરવઠા વિભાગને પાણી સપ્લાયનો હકક સોંપવામાં આવતો નથી. ત્રણ-ચાર મહિને એક બિલ મોટલ બળી ગઈ છે તે મુજબનો ખેલ કરી જે બિલ આપનારને પાંચ થી દશ હજાર આપી ખોટો બીલ લઈને પાર કરી લેવામાં આવતા હોય છે. તે આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના અનેક વિસ્તારોમાં જેવાં કે જાની ફળીયા, રાણાવાસ, સંચાગલી વિસ્તારોમાં સપ્લાય થયાના દમ મિનિટ પાણી નળમાં પ્રદુષિત પાણી આવે છે. જેને કોઈ મોનીટરીંગ કરતું નથી. આ વિસ્તારના રહિશો વોટર્સ સપ્લાયર્સ પાસેથી ના છૂટકે પાણીના કાળા નાણા ખર્ચીને લેતા હોય છે શું ? વોટર્સ સપ્લાયર્સી જાહિરઅલી મકરાણી (મુન્નાભાઈ) અનેક વખતે મૌખિક રજુઆત કરી છે. તેમ છતાં આ સમસ્યા જ્યાંની ત્યાં જ છે. જેથી નવા હાલમાં નિમાયેલા પ્રાંત અધિકારી આ સમસ્યા અંગે સંગયાન અચૂક લેશે જે અમને વિશ્વાસ છે.

## દાહોદના કાળીતળાઈ ગામેની બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના કાળીતળાઈ ગામેથી એક વ્યક્તિની લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં રહેતા નિતેશકુમાર રામવિલાસસિંહ ગત તા.૧૭મી ઓક્ટોબરના રોજ દાહોદ તાલુકાના કાળી તળાઈ ગામે કોઈ કામ અર્થે આવ્યા હતા અને પોતાની મોટરસાઈકલ લીમખેડા હાઈવે રોડ તરફ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નિતેશકુમાર રામવિલાસ સિંહ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## દાહોદ જિલ્લાના ફતેપુરાના નીલકંઠેશ્વર મહાદેવ મંદિરે ચલનવિધિ કરાઈ

દાહોદ,

હાલ વડવાસ મંદિર જીણોદ્ધાર થઈ રહ્યું છે ત્યારે જૂની મૂર્તિઓ ખંડિત થઈ જવાના કારણે તેમની ચલન વિધિ કરાવી તેને સ્થાને નવી મૂર્તિનું સ્થાપન કરવા માં આવશે હાલ મંદિરનો જીર્ણોદ્ધાર નું કામ યુદ્ધના ધોરણે થઈ રહ્યું છે ત્યારે નજીક ના સમયમાં નવી મૂર્તિઓનું પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું હોવાને કારણે હાલ મંદિર માં રહેલ જૂની મૂર્તિઓ ખંડિત થવાના કારણે તેમની સ્થાને નવી મૂર્તિઓ ની પ્રાણ પ્રતિષ્ઠા ૨૮ /૧૦/ ૨૦૨૦ ના રોજ કરવાની હોય ત્યારે જૂની મૂર્તિઓનું ચલનવિધિ મંદિરના સંચાલકો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૬ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૩૨ને પાર થવા પામ્યો છે ત્યારે એક્ટીવ કેસ ૬૮ રહેવા પામ્યા છે. દાહોદમાં છેલ્લા કેટલાક મહિનાઓથી કોરોના પોઝીટીવ કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાતા આરોગ્ય તંત્ર તેમજ જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૬૧ પૈકી આજે એકેય કોરોના પોઝીટીવ કેસ નોંધાયો નથી. ત્યારે રેપીટ ટેસ્ટના ૧૧૫૨ પૈકી ૦૬ કોરોના પોઝીટીવ કેસો નોંધાવા પામ્યા છે. આ ૦૬ કોરોના પોઝીટીવ કેસો પૈકી દાહોદમાંથી ૧, ઝાલોદમાંથી ૦૪ અને દેવગઢ બારીઆમાંથી ૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૫ દર્દીઓએ કોરોના સામે જંગ જીતી હોસ્પિટલમાંથી રજા લેતા એક્ટીવ કેસની સંખ્યા ૬૮ રહેવા પામી છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી અત્યાર સુધી ૭૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

## ઝાલોદના કાળી મહુડી ગામે એસ.ટી.બસ અકસ્માતે રોડ સાઈડના ખાડામાં ખાબકતા ૨૫ મુસાફરો ઈજાઓ

દાહોદ,

ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામે એક એસટી બસ અકસ્માતે રસ્તાની બાજુમાં આવેલ ખાડામાં ખાબકી જતા અંદાજે ૨૫ જેટલા મુસાફરોને ઈજાઓ થતાં ઘટનાસ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે આજરોજ ઝાલોદ તાલુકાના કાળીમહુડી ગામે થી એક એસટી બસ પસાર થઇ રહી હતી આ દરમિયાન એક બાઈક ચાલકને બચાવવાનો પ્રયાસ કરતા આ એસટી બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસનો સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતા બસ રસ્તાની બાજુમાં આવેલ ખાડામાં મુસાફરો સાથે ખાબકી ગઈ હતી. ઘટનાની જાણ સ્થાનિકોને થતા લોકટોળા મુસાફરોને બચાવવા ઉમટી પડ્યા હતા અને કેટલાક ઈજાગ્રસ્ત મુસાફરોને બસમાંથી હેમખેમ બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ પોલીસ તેમજ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને થતાં આ કાફલો ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો અને ૨૫ જેટલા ઈજાગ્રસ્ત મુસાફરોને નજીકના દવાખાને ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યા હતા.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 51

## માત્ર પાંચ માસમાં અધધ રૂા.૮૦.૧૯ લાખના ખર્ચાનું આંધણ....

# ઘોઘંબાના વાવ કુલ્લી ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની ગંગોત્રી ?


- વિવિધ વિકાસના કામોમાં ટુંકાગાળામાં ગ્રામ પંચાયતે ચુકવણા કરતાં શંકાના ઘેરામાં.
- ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતની મિલીભગતથી વિકાસના કામોમાં ગેરરીતિ.
- ઈરીગેશન, ચેકવોલ, ચેકડેમ, માટી રસ્તા, આવાસ યોજનાના નામે ભ્રષ્ટાચાર.
- બોગસ શ્રમિકોના નામે પૈસા ઉપાડાયાની બૂમ.
- ગાંધીનગર વિજીલન્સ ટીમ દ્વારા તપાસની માંગ.
- મસમોટી રકમ શ્રમિકો તથા કામ કરનાર પક્ષકારોના નામે રકમ ઉપડી ગઈ.

ગોધરા,

ઘોઘંબા તાલુકાના ખોબલા જેટલા વાવ કુલ્લી ગ્રામ પંચાયત દ્વારા હાથ ધરાયેલા મનરેગા હેઠળના ચેકડેમ, આવાસ, સંરક્ષણ દિવાલ, માટી મેટલ, આર.સી.સી. રોડમાં તાલુકા પંચાયતની મિલીભગત હેઠળ રૂા.૮૦.૧૯ લાખનું અધધ બોગસ ખર્ચો માત્ર ચાર-પાંચ માસ દરમ્યાન પાડયો હોવાથી ભ્રષ્ટાચારની બૂમ વચ્ચે ગાંધીનગર વિઝીલન્સ ટીમ દ્વારા તપાસ હાથ ધરાઈને જવાબદારો સામે પોલીસ કાર્યવાહીની માંગ ઊઠતા દોડધામ મચી ગઈ છે.

પંચમહાલ જીલ્લો અવકાશ ખેતી ઉપર નિર્ભર હોવાથી ચોમાસા બાદ તેમાંય ઘોઘંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પૂરતી સિંચાઈની સગવડ ઉપલબ્ધ ન હોઈ કુટુંબકબીલા સાથે રોજગારી અર્થે શહેરીભણી સ્થળાંતરિત કરતા હોય છે. બેરોજગારી સ્થિતિ વચ્ચે આર્થિક જીવન દયનીય હાલતમાં ગુજારો કરતાં હોવાથી આવા ગરીબ અને અર્ધકુશળ કે બિનકુશળ પરિવારોને બે ટંકનું ભોજન જેવી આવક ઘરઆંગણે મળી રહે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજના કાર્યરત કરતા વર્ષોથી આ પરિવારો માટે આર્શીવાદરૂપ છે. વર્ષના ૧૦૦ દિવસ રોજગારની ગેરંટી આપતી આ મનરેગા યોજનામાં નિયમ પ્રમાણે દર એપ્રિલ માસે ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત પાસે વર્ષભરના એડવાન્સ વિકાસના કામોની યાદી મંગાવીને આયોજન હાથ ધરાય છે. એકમાત્ર આ યોજના છે. જેમાં તાલુકાકક્ષાએથી મંજૂરી મેળવવાની અને ગ્રામ પંચાયત જાતે જ વિકાસના કામો આયોજન નકકી કરે અને કેન્દ્ર સરકાર સીધા અઢળક નાણાં શ્રમિકોના બેંક ખાતામાં નાખી રહી છે. આ સ્થાનિક શ્રમિકોની પૂર્તતા કર્યા બાદ ઓનલાઈન જોબકાર્ડ આપીને બેંક ખાતા ખોલાવવામાં આવે છે. પરંતુ ઘોઘંબા તાલુકાના વાવ કુલ્લી ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજનામાં પોણા કરોડ રૂપીયા ઉપરાંતની ગેરરીતિ આચરાઈ હોવાની બૂમ ઉઠી છે. શ્રમિકોની નોંધણી ગ્રામ પંચાયતના સરપંચ તથા અન્ય હોદ્દેદારોના સગાસંબંધીઓની જણાય છે. તેઓ ખેતી સાથે આર્થિક રીતે સાધન સંપન્ન ધરાવતાઓના નામ ખોટી રીતે શ્રમિક તરીકે નોંધવામાં આવ્યા છે. એટલું જ નહિ વતનમાં માત્ર ગણતરીના સમય માટે ખેતી કરવા આવતા શ્રમિકોને પણ મહિનાઓ સુધી સમાંતરે કામમાં જોતરીને ગેરકાયદે રીતે સરકારી નાણા ચુકવાયા હોવાની બૂમ ઊઠેલી છે. માત્ર કોરોનાકાળ એટલે મે – જૂનથી લઈને ઓકટોબરના પ્રથમ અઠવાડિયા સુધીમાં સિંચાઈલક્ષી સંરક્ષણ દિવાલ, માટી મેટલ, નાળા વર્કસ, કોઝ વે, સીસી રોડ, નવા ચેકવોલ, ચેકડેમ અને સૌથી વધુ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂા. ૮૦.૧૯ લાખ એટલે કે અધધ સરકારી નાણાંનો માત્ર ચાર–પાંચ માસમાં ઓનલાઈન શ્રમિકોના નામો દર્શાવીને લાખોના ખર્ચાઓ પાડતા સીધી રીતે શંકાના પરિઘમાં હોદ્દેદારો અને અધિકારીઓ આવી ગયા છે.

ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને તાલુકા પંચાયતના અધિકારીઓની મિલીભગત હેઠળ માત્ર ગણતરીના સમયગાળામાં જાણે કોઈ જોનાર કે પૂછનાર ન હોય તેમ ઉચ્ચ અધિકારીઓના ડર વિના ગમે તેમ ભોગે ખિસ્સા ભરીને ધનવાન બનવાની યોજના સમજીને લુંટફાટ મચાવીને આર્થિક સંપન્ન બન્યા છે. ખર્ચા પ્રમાણે સ્થળ ઉપર વિકાસના કામો નિયમને ઉલ્લંઘન કરીને તકલાદી કામ કરાયું છે. શ્રમિકોને બદલે વેપારીઓ પાસેથી સામગ્રીના બોગસ બિલો બનાવીને નાણાની હડપ કરાઈ હોવાનું જણાઈ રહ્યું છે. વિકાસના નામે ગ્રામ પંચાયતે માત્ર આંધળી દોડ મૂકીને લખલૂંટ ખર્ચાઓનું આંધણ કરીને ગેરરીતિ આચરાઈ હોવાથી આ રૂા.૮૦.૧૯ લાખના ખર્ચાઓની ગાંધીનગર વિજીલન્સ દ્વારા તપાસ કરવામાં આવે તો નાણાકીય ગોબાચારીનો પર્દાફાશ થાય તેવી શકયતાઓ ગ્રામજનો દ્વારા સેવાઈ રહી છે.


પ્રતિકાત્મક તસ્વીર

### કોરોનાકાળમાં ખર્ચાઓ પાડવાનો છુટ્ટોદોર

ગત એપ્રિલ માસથી વૈશ્વિક બિમારી કોરોનાના પગલે લોકો બેરોજગાર બનતા સરકારે ઘર આંગણે શ્રમિકો બે માસ બાદ મનરેગા યોજનાના કામોની મંજૂરી આપી દેવાઈ હતી. આવી કટોકટીમાં જાણે મનરેગા કમાણીનું સાધન બનતા સરપંચોને જાણે છુટ્ટોદોર મળતા મનસ્વીપણે વિકાસના કામો પાછળ ખર્ચાઓ પાડતા રહ્યા હતા. આવી બેરોજગારીના સમયે ખરેખર સાચા ગરીબ શ્રમિકોને રોજગારી ચુકવવાને બદલે પોતાના સગાસંબંધીઓ કે બોગસ શ્રમિકોના ખાતામાં કામ કર્યા વિના વેતન ચુકવાયું હોવાની બૂમ ઊઠી રહી છે. ખરેખર આવા ખાતાઓ અને શ્રમિકોના ક્રોસ વેરીફિકેશન કરવું જરૂરી બન્યું છે.

### તબકકાવાર ચુકવવાના નાણાં એક સામટા ચુકવાયા

મનરેગા યોજનામાં સિંચાઈ સંરક્ષણ દિવાલમાં અંદાજે ૧૫ લાખ, રસ્તાઓન મેટલ કામમાં અંદાજીત રૂા.૨૦ લાખ ખર્ચાયા છે. જયારે સૌથી વધુ રૂા.૩૦ થી ૪૦ લાખના ખર્ચાઓ એટલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓના પરિવારોના નામે ચુકવાયા છે. એક ઘરમાંથી પાંચ-પાંચ સભ્યોને વધુને વધુ રૂા.૧૫ હજાર ખતવવાયા છે. એક મસમોટા આંકડાઓ જોતાં શંકા ઉપજાવે છે. ખરેખર તબકકાવાર શ્રમિકોને ચૂકવવાના નાણાં એક સામટા ચૂકવી દેવાયા છે. સંભવત ચાલુ વર્ષમાં એક સાથે મસમોટી રકમ ચુકવી દઈને નિયમોનું ઉલ્લંઘન થયું છે?

### ઈરીગેશન વોલમાં કોણે કોણે કેટલા કેટલા નાણાં મેળવ્યા ?

નવા ઈરીગેશન વોલમાં બારીઆ બકાભાઈને રૂા.૪૨૬૪૫, બારીઆ નરવતસિહ રૂા.૯૬૨૬૦ પ્લાટનેશન વર્કસ માટે બારીઆ રણજીતભાઈને રૂા.૨૪૬૬૦ તથા બારીઆ મણીલાબેન રૂા.૨૪૬૭૨, ઈરીગેશન વર્કસમાં બારીઆ ભીમસિંહ કાનજીભાઈને રૂા.૧.૨૦ લાખ તથા રૂા.૧.૩૮ લાખ, બારીઆ ફતેસિંહ કાનજીભાઈને રૂા.૧.૫૬ લાખ, બારીઆ માનસિંગભાઈ કાનીભાઈને રૂા.૯૦,૬૬૫, બારીઆ ગોવિંદભાઈ મણીયાભાઈને રૂા.૧,૧૭,૫૫૦/, બારીઆ નવલભાઈ બુધીયાભાઈને રૂા.૫૩,૦૦૦ તથા રૂા.૧,૫૬,૫૪૯, બારીઆ ગુલાબભાઈ ધનાભાઈને રૂા.૨૭,૮૬૦, બારીઆ માનાભાઈ રામાભાઈને રૂા.૧,૫૬,૯૧૬, બારીઆ છબીલલાલ ભીખાભાઈને રૂા.૧,૫૬,૭૪૦, બારીઆ ભીખાભાઈ મનાભાઈને રૂા.૮૨૪૩૬, બારીઆ લક્ષ્મણભાઈ માનસિંહને રૂા.૧,૫૬,૭૧૦, બારીઆ બાબુભાઈ રતનભાઈ રૂા.૧,૫૬,૮૮૮, બારીઆ પરર્વતભાઈ કાબસિંહને રૂા.૧,૫૮૭૦, બારીઆ વિજય લક્ષ્મણભાઈને રૂા.૧,૨૫,૨૮૦, બારીઆ મોહન મગનને રૂા.૧,૫૬,૮૪૫, બારીઆ સોના ગામજીને રૂા. ૧,૫૨,૫૮૯, બારીઆ શંકરભાઈ મગનભાઈ રૂા.૩૦,૮૦૦, કપુરીબેન ભાયજીભાઈને રૂા.૧,૫૭,૦૦૦નો સમાવેશ થાય છે. આ ન્યુ ઈરીગેશન વોલ હેઠળના કામોની તપાસ થાય તો ઘણું ભોગાળુ બહાર આવે તેમ છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૬૪૬ થયો

- ૧૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૪૩.
- મૃત્યુ આંક - ૧૧૬.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૬૪૬ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં–૦૩, હાલોલ–૦૫, ઘોઘંબા–૦૧, કાલોલ–૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## પંચમહાલ જિલ્લામાં વધુ ૧૧ વિસ્તારો કલસ્ટરમુક્ત જાહેર કરાયા

ગોધરા,

પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એલ.બી બાંભણિયા દ્વારા ધ ગુજરાત એપિડેમિક ડિસીઝ કોવિડ–૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની કલમ–૧૧ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ–૩૦ અને ૩૪ હેઠળ મળેલા અધિકારની રૂએ જિલ્લાના કલસ્ટર કન્ટેઈન્મેન્ટ એરિયા તરીકે જાહેર કરેલ વિસ્તારો પૈકી વધુ ૧૧ વિસ્તારોને ક્લસ્ટરમુક્ત જાહેર કરવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં હાલોલ નગરપાલિકાના ઓમકાર રેસીડેન્સીનો વિસ્તાર, સરકારી વસાહતનો વિસ્તાર, પાશ્વનાથનો વિસ્તાર, સ્નેહ બંગ્લોઝનો વિસ્તાર, ચિત્રકૂટ સોસાયટીનો વિસ્તાર, જ્યોતિનગરનો વિસ્તાર, નટવરનગરનો વિસ્તાર, પારેખ ફળિયાનો વિસ્તાર, ગોદરીયા ફળિયાનો વિસ્તાર, હરિદર્શનનો વિસ્તાર, ભગવતવાટિકાનો વિસ્તાર સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

## ઘોઘંબા તાલુકાના મોલ ગામના ૨૩ વર્ષીય યુવાને અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના મોલ ગામે રહેતા ૨૩ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર આંબલીના ઝાડની ડાળી ઉપર નાયલોન દોરી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ જતાં આ બાબતે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના મોલ ગામે રહેતા કિરણભાઈ નગીનભાઈ રાઠવા ઉ.વ.૨૩ એ કોઈ અગમ્યકારણોસર ખાટી આંબલીના ઝાડની ડાળીએ દોરી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મોતને વ્હાલું કરી લેતા આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના નાની ઉભરવણ ગામેથી ૪૬ હજારના દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના નાની ઉભરણ ગામે રહેતા ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂ રાખીને ધંધો કરતો હોય તેવી બાતમીના આધારે રેડ કરી પોલીસે ઈંગ્લીશ દારૂ બોટલ નંગ–૧૦૮ કિંમત ૪૬,૯૦૮/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના નાની ઉભરવણ ગામે રહેતા સંપતભાઈ વીછીયાભાઈ રાઠવા પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ઈંગ્લીશ દારૂ પ્લાસ્ટીક કિંમત ૪૮,૯૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે પોલીસને રેડ દરમ્યાન સંપત રાઠવા ઝડપાઈ જવા પામ્યો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટહેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## આસો નવરાત્રિ દરમિયાન પાવાગઢથી માંચી સુધીના રસ્તા ઉપર ખાનગી વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં પાવાગઢ યાત્રાધામ ખાતે આસો નવરાત્રિ પર્વ દરમિયાન મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. પાવાગઢ ખાતે આ દરમિયાન કોઈ દુર્ઘટના કે જાનહાનિ ન સર્જાય તે માટે ટ્રાફિકનું નિયમન કરવું જરૂરી હોઈ જાહેર હિતમાં પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ પર ટ્રક, ટેમ્પો, જીપ, લક્ઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચક્રી વાહનો સહિત તમામ પ્રકારના ખાનગી વાહનોની અવર–જવર તથા ચીજવસ્તુઓ સાથે કે ચીજવસ્તુઓ વગર પશુઓ દોરી જનારાઓ કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ મૂકતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાત પોલિસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩(૧)(ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા (આઈ.એ.એસ.) દ્વારા પ્રસિદ્ધ કરાયેલ આ જાહેરનામા અનુસાર તા. ૩૧/૧૦/૨૦૨૦ સુધી પાવાગઢ ખાતે તળેટીથી માંચી જવાના રસ્તા ઉપર ઉપરોકત પ્રકારના ભારે તથા હળવા વાહનો અવર–જવર કરી શકશે નહીં. આ ઉપરાંત કોઈપણ પ્રકારના વાહનો કે પશુઓ દ્વારા સાધન સામગ્રી કે ચીજવસ્તુઓનું વહન કરવા ઉપર તેમ જ માંચીથી દુધિયા તળાવ પાવાગઢ સુધીના રસ્તા ઉપર પશુઓ દોરી જનારાઓની અવર–જવર ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ હુકમ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી બસો, સરકારી ફરજ ઉપરના વાહનો તથા આરોગ્ય સેવાઓ માટે ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.


## ગોધરા તાલુકાના અબ્રાહમ પટેલના મુવાડા ખાતે સાંસદના વરદહસ્તે નવ નિર્મિત સ્ટેટ વેર હાઉસ ખુલ્લુ મૂકાયું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડના વરદહસ્તે આજે ગોધરા તાલુકાના અબ્રાહમ પટેલના મુવાડા ખાતે નવ નિર્મિત સ્ટેટ વેર હાઉસ ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. કોવિડ સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં લઈ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે યોજાયેલ આ કાર્યક્રમ પ્રસંગે સાંસદએ જણાવ્યું હતું કે આ નવનિર્મિત વેર હાઉસ જિલ્લામાં પુરવઠા વિભાગના આંતરમાળખાકીય સુવિધાઓને વધુ સુદ્ઢ બનાવશે તેમજ અન્ન વિતરણની સમગ્ર વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવામાં ઉપયોગી બની રહેશે. સરકારી સેવાઓની ઉપલબ્ધિ સરળ અને ઝડપી બનાવવા હેતુ આ પ્રકારની સુવિધાઓમાં સત વધારા કરવામાં આવશે તેમ સાંસદએ ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે દરેક તાલુકામાં આ પ્રકારના ગોડાઉનમાં એફસીઆઈમાંથી આવતા અન્નનો જથ્થો કે જે ફેર પ્રાઈસ શોપ સુધી પહોંચાડવામાં આવે તે પહેલા સ્ટોર કરવામાં આવે છે. આ પ્રસંગે ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, પ્રાંત અધિકારી–ગોધરા વિશાલ સકસેના તેમજ જિલ્લા પુરવઠા અધિકારી રાજપૂત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા સાતપુલ વિસ્તારમાંથી બે ઈસમોને ભારતીય ચલણમાંથી રદ થયેલ ૫૦૦ અને ૧૦૦૦ની ૧૬.૬૧ લાખની નોટો સાથે ઝડપ્યા







ગોધરા,

ભારત સરકાર વડાપ્રધાન દ્વારા દેશમાંથી કાળું નાણું બહાર કાઢવા માટે ૨૦૧૬ના ઓકટોબર માસમાં ભારતીય ચલણમાંથી રૂપીયા ૧૦૦૦ અને રૂા.૫૦૦ રૂપીયાની નોટ રદ કરવામાં આવી હતી. આવી ભારતીય ચલણ માંથી રદ કરવામાં આવેલ ૫૦૦ અને ૧૦૦૦ રૂપીયાની ચલણી નોટો પંચમહાલ જીલ્લા ગોધરા અને હાલોલ ખાતે એકંદરે પકડાઈ રહી છે. ત્યારે પ્રશ્ન થાય કે ૨૦૧૬ના વર્ષમાં ભારતીય ચલણમાંથી હજાર અને પાંચસોની નોટને રદ કરયા બાદ સરકાર દ્વારા આપવામાં આવેલ છુટછાટ સાથે આવી રદ કરાયેલ નોટો જમા કરી દેવાઈ હતી. તેમ છતાં અવાર–નવાર આવી ભારતીય ચલણમાંથી દર થયેલ નોટોનો જથ્થો પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવી રહ્યો છે. ત્યારે ભારતીય ચલણમાંથી રદ થયેલ ૫૦૦ અને ૧૦૦૦ની નોટોનો હાલમાં ક્યાં કેવી રીતે ઉપયોગ કવામાં આવે છે. તેની તપાસ કરાય તે જરૂરી છે.

૨૦૧૬ના ઓકટોબર માસમાં ભારતીય ચલણમાંથી રૂપીયા ૧૦૦૦ રૂપીયાના દરની તેમજ ૫૦૦ના દરની નોટો રદ કરવામાં આવી હતી. ભારતીય ચલણમાંથી રદ થયેલ નોટોનો મોટો જથ્થો ગોધરા શહેર સાતપુલ વિસ્તારમાંથી અગાઉ ૨૯ જુલાઈ ૨૦૨૦ના રોજ બાતમીના આધારે પોલીસ દ્વારા રૂપીયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપીયા કરોડો રૂપીયાની નોટોનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. સાતપુલ મહમંદી સોસાયટીમાંથી ભારતીય ચલણમાંથી રદ થયેલ પાંચ કરોડ રૂપીયાની નોટોને ગણવા માટે સ્થાનિક સરકારી બેંકો આંગળીયા પેઢીમાંથી નોટો ગણવાના મશીન ઉપયોગમાં લેવા પડયા હતા. ભારતીય ચલણમાંથી રદ થયેલ ૧૦૦૦ અને ૫૦૦ની પાંચ કરોડની નોટો પકડાઈ હતી. નોટોના પ્રકરણમાં ત્રણ ઈસમો વિરૂદ્ધ બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી હતી. ગોધરા સાતપુલ વિસ્તારમાંથી પકડાયેલ નોટોમાં સુરત કનેકશન સામે આવ્યું હતું.

પંચમહાલ જીલ્લાના હાલોલના મહાદેવ મંદિર પાસેથી ૧૩ ઓકટોબરના રોજ એક ઈસમ ભારતીય ચલણમાંથી રદ કરવામાં આવેલ રૂપીયા ૧૦૦૦ અને ૫૦૦ના દરની નોટો કપડામાં વીટાળીને તનો ક્યાંક આપવા માટે ફરતો હોય તેવી બાતમી હાલોલ પોલીસ ને મળી હતી. બાતમીના આધારે હાલોલ પોલીસ દ્વારા વડોદરાના બાપોદ હાઉસીંગ મકાન નં.૨ માં રહેતા રમેશભાઈ મનુભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ ઈસમ પાસેથી ભારતીય ચલણમાંથી રદ થયેલ ૫૦૦ રૂપીયાના દરની નોટોના બે બંડલ તથા ૧૦૦૦ રૂપીયાના દરની નોટો ૧ બંડલ મળી રૂપીયા ૨,૦૧,૦૦૦/–રૂપીયાની નોટો ઝડપી પાડવામાં આવી હતી. પકડાયેલ ઈસમની પ્રાથમિક પૂછપરછ દરમ્યાન આ રદ થયેલ નોટો વડોદરા ખોડીયાર નગર રહેતા અમરભાઈ એ આપી હોવાની કબુલાાત કરી હતી. પોલીસ દ્વારા ચલણમાંથી રદ થયેલ નોટો ક્યાં પહોંચાડવાની હતી. તેની તપાસ પકડાયેલ અરોપી પાસે કરવાની તજવીજ ચલાવી રહી છે.

આજરોજ ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, સાતપુલ વિસ્તારમાં કારમાં બે ઈસમો ભારતીય ચલણ માંથી રદ થયેલ ૫૦૦ રૂપીયા અને ૧૦૦૦ના દરની નોટો લઈને ફરતા હોવાની બાતમીના આધારે બે ઈસમોને ૧૬.૬૧ લાખની રદ થયેલ ચલણી નોટો સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.

ગોધરા બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી કે, સાતપુલ વિસ્તારમાં બે ઈસમો કારમાં ભારતીય ચલણ માંથી રદ થયેલ હોય તેવી રૂપીયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો સાથે ફરી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે કારનો પીછો કર્યો હતો અને ભારતીય ચલણમાંથી રદ થયેલ ૫૦૦ના દરની ૨૨૦૦ નોટ તથા ૧૦૦૦ના દરની ૫૬૧ નોટો મળી કુલ ૧૬.૬૧ લાખના બંધ થયેલ ચલણી નોટો સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ભારતીય ચલણમાંથી દર કરાયેલ નોટોના જથ્થા સાથે ઝડપાયેલ બે ઈસમો પૈકી એક ઘોઘંબા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચના પુત્ર હોવાનું સામે આવ્યું છે. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી બન્ને ઈસમો દ્વારા આ ચલણી નોટો કયાંથી લાવી કોને આપવાની હતી. તે દિશામાં તપાસ હાથ ધરી છે.

- ૨૯ જુલાઈના રોજ સાતપુલ વિસ્તારમાંથી ચલણ માંથી રદ થયેલ ૪.૫ કરોડની નોટો સાથે ત્રણ ઈસમો ઝડપાયા.
- હાલોલ માંથી ૧૩ ઓગસ્ટના રોજ ૨.૦૦ લાખની નોટો સાથે એક ઈસમ ઝડપ્યો હતો.
- પંચમહાલ જીલ્લાના ગોધરા અને હાલોલમાંથી ભારતીય ચલણમાંથી રદ થયેલ નોટોના જથ્થો અવાર-નવાર પકડાવાની દિશામાં તપાસ જરૂરી.
- ભારતીય ચલણમાંથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ થયેલ હોવા છતાં નોટોની હેરાફેરી કેમ ?